Rotary
Club of Surendranagar

SERVE TO
CHANGE LIVES

RI CLUB ID : 15139

RI DISTRICT : 3060

CHARTER DATE : 29th MAY 1955

| R.I. President | DISTRICT GOVERNOR | Club President | Club Secretary |
| --- | --- | --- | --- |
| Rtn. Shekhar Mehta | Rtn. Santosh Pradhan | Rtn. Rashmin Mehta | Rtn. Sagar Shah |

# ENDEAVOUR

બુલેટીન - ઓગસ્ટ ૨૦૨૧ વર્ષ -૬૮









# ઇલેક્ટ્રીક વ્હીકલ - વિધુત સંચાલીત વાહનો – By Rtn. Paras Solanki




માનવજાત પોતાની સુવીધા વધારવા સતત પ્રયત્નશીલ હોય છે. તે પૃથ્વી પર નુ એક માત્ર વિકાસશીલ પ્રાણી છે. ઇંધણ ના ભાવવધારા તથા પ્રદુષણ થી છુટકારો મેળવવા સંશાધકો વિધૃત સંચાલીત વાહનો ને પોષણક્ષમ અને વ્યવહારૂ બનાવવા માટે પ્રયત્નશીલ છે. આમતો વિધ્યુત  સંચાલીત વાહનો ની શોધ કંમ્બસ્ટન એંજિન (પેટ્રોલ અથવા ડિઝલ થી ચાલતા વાહનો) કરતાં પણ પહેલા થઇ છે. વિધ્યુત સંચાલીત વાહનો ૧૮૨૭ એટલે કે બે સદીથી વપરાશ માં છે, પરંતુ વિધ્યુત સંગ્રહ કરવાની બિન અસરકારક પધ્ધતી ના કારણે EV ને કયારેય પણ વ્યવહારૂ ઊપયોગ માં લેવામાં આવતા નહોતા. નવા સંશોધકો દ્વારા વિધૃત સંગ્રહ ક્ષમતા માં વધારો કરાતા વિધૃત વાહનો પોષણક્ષમ અને વ્યવહારૂ બનતા જાય છે. ૧૮૩૨ માં રોબર્ટ એન્ડરસન દ્વારા પ્રથમ વિધૃત સંચાલીત વાહન ઓધોગિક ધોરણે બજાર માં મુકવામાં આવ્યુ. આજનાં સંજોગો માં એલોન મસ્ક ની ટેસલા મોટર્સ વિશ્વમાં સૌથી વધારે ઇલેકટ્રીક મોટર કાર બનાવે છે. રસપ્રદ વાત એ છે કે એલોન મસ્ક દ્વારા ઇલેકટ્રીક વાહનો નાં દરેક સંશોધનો ઓપન સોર્સ એટલે કે દરેક વ્યકતી પોતાના ઊપયોગમાં લઇ શકે તે રીતે ટેસલા ની વેબસાઇટ પર મુકવામાં આવેલ છે તેને પેટંટ કરેલ નથી. સામાન્ય રીતે વિધૃત વાહન બેટરી સંચાલીત હોય છે આ બેટરી ઘરની વિજળી માંથી રીચાર્જ કરી શકાય છે. સામાન્ય રીતે એક વાહન ને ફુલ રી ચાર્જ થતાં ૪-૮ કલાક નો સમય લાગે છે. એક વખત ના રીચાર્જ માં ૧૦૦ થી ૪૦૦ કિમી ની રેન્જ હોય છે. વિધૃત સંચાલિત વાહનો માં ઓછા મીકેનીકલ પાર્ટસ નાં કારણે સંભાળ તથા રીપેરીગ નો ખર્ચ ઓછો આવે છે. વિધૃત વાહનોની બેટરી ની એવરેજ લાઇફ ૧૫૦૦ થી ૩૦૦૦ ચાર્જિંગ સાઇકલ હોય છે. નવા સંશોધનો  મુજબ ભારત સરકાર યુનિવર્સલ બેટરી તરફ આગળ વધી રહી છે. જેથી કરીને સ્વાઈપેબલ બેટરી દ્વારા ચાર્જીંગ સમય બચાવી શકાય. વિધૃત વાહનો નો ચલાવવા નો ખર્ચ અંદાજે ૨૫ પૈસા થી ૧ રૂપીયા પ્રતી કિલોમીટર આવે છે. પેટ્રોલ કે ડીજલ એંજિન ના આવાજ અને વાઇબ્રેશન ની વિરુદ્ધ ઇલેક્ટ્રીક વેહીકલ ના ઉપયોગ થી ચાલક ને થાક પણ ઓછો લાગે છે. અત્યારે બજાર માં સાયકલ, સ્કુટર, મોટરકાર, તથા ભારે વહાન ક્ષમતા વાળા વિધૃત સંચાલીત વાહનો મળે છે. ભારત સરકાર વિધૃત સંચાલીત વાહનોના ઊપયોગ વધારવા માટે ખાસ સબસીડી આપે છે. આ રીતે ભારત સરકાર ૨૦૩૦ સુધી માં ૧૫ લાખ કરોડ રૂપીયા ના મુલ્યનાં વાહનો  બજાર માં મુકવા પ્રયત્નશીલ છે. ભવિષ્ય માં આપણા દરેક રસ્તા ઊપર ફાસ્ટ ચાર્જીંગ સ્ટેશન, બેટરી રીપ્લેસ મેટ સેનટર જોઇ શકીશુ. ભારત સરકાર EV ના ડેવલપમેંટ માટે ખૂબ જ ભાર આપી રહી છે. આના ડેવલપમેંટ ના કારણે વિદેશી દેણુ પણ ખાસ્સું ઓછું થઈ શકે છે જે હાલ ક્રુડ ઓઇલ ના ઇમ્પોર્ટ નું કારણ છે. આ સાથે પર્યાવરણ ના રક્ષણ માં પણ ફાયદો થશે.

## ફૂડ ઓઇલ એન્ડ પેટ્રોલિયમ પ્રોડકટ - By Rtn. Deepak Sejpal




મીટિંગ ની શરૂઆતમાં રો.દીપક સેજપાલ એ ટુડે ટોક માં પેટ્રોલીયમ પ્રોડકટ અને આપણે એ વિષય ઉપર વિસ્તાર પુર્વક વાત કરી હતી. તેમણે જણાવ્યુ કે..આજના સમયમાં નાના માં નાનો વ્યકિત કે મોટો વ્યકિત દરેક ના જીવન મા પેટ્રોલીયમ પ્રોડકટ ખાસ કરીને પેટ્રોલ/ ડિઝલ દૈનીક જીવન જરૂરીયાત ના ભાગ રૂપે ખુબ જ અગત્યનો ભાગ છે. એટલે કે પેટ્રોલ/ ડિઝલ નાં દૈનીક વધતા ભાવ દરેક વ્યકિત ને સ્પર્શે છે. આઝાદી પછી આપણા દેશમાં પરદેશ ની કંપની ના હાથમાં આ પેટ્રોલીયમ પ્રોડકટ નો વેપાર હતો તે સમય માં ૧૯૭૦ પછીના સમયાંતરે PSU કંપની ની રચના થઇ અને ચાર સરકારી PSU કંપની ના હાથમાં આ પ્રોડકટ આખા દેશમાં વેપાર કરવા માટે તેમજ જરૂરીયાત પુરી પાડવા માટે સોપવામા આવ્યો. તેમા સમયાંતરે ભાવની વ્યવસ્થા પહેલા સરકાર કરતી અને તેમા સબસીડી આપતી હતી અને ભાવમાં ફેરફાર દર વર્ષે બજેટ માં કરતી. છેલ્લા ૧૦ વર્ષ થી સબસીડી બંધ કરી અને કંપનીને પેટ્રોલ/ ડિઝલ ના ભાવ નક્કી કરવાની સ્વતંત્રતા આપી છે. જેથી દૈનીક ધોરણે ભાવમાં ફેરફાર ઇન્ટરનેશનલ માર્કેટ મુજબ દરેક કંપની કરે છે.

## 1-8-2021 અન્નપુર્ણા પ્રોજેકટ નો અહેવાલ





રો.રક્ષા શાહ એ ૧ ઓગસ્ટ રવિવાર ના રોજ યોજાએલ અન્નપુર્ણા પ્રોજેકટ વિશે વિગતવાર અહેવાલ આપ્યો હતો. તેમણે જણાવ્યુ કે... ૧ ઓગસ્ટ રવિવાર ના રોજ ફ્રેન્ડશીપ ડે હોવા થી રો.સાગર શાહ તથા રો. નીરજા શાહ રોટરી પરીવાર માટે ચોકલેટ બ્રાઉની લઇને આવ્યા હતા. રો. મમતા દોશી નાં માતુ શ્રી ની પુણ્યતીથી હોવા થી આ અન્નપુર્ણા પ્રોજેકટ ના દાતા મમતાબેન હતા. રોટરીના હોલ ઉપર જગદીશ ભાઇ એ ફુડ પેકેટ્સ રેડી કરીને રાખ્યા હતા ફુડ પેકેટ્સ માં થેપલા અને સુકી ભાજી આપવામાં આવ્યા હતા. આ પ્રોજેકટ ના ચેર રો. રક્ષા શાહ તથા કો.ચેર spo. ક્રિશ્ના સોલંકી હતા. તે બંન્ને તરફથી ચવાણુ અને પેંડા આપવામાં આવ્યા હતા તથા રો.. લલીત કેલા તરફથી ખાંડના પેકેટ આપવામા આવ્યા હતા. ટોટલ ૨૦૦ પેકેટ તૈયાર કરી અને જી.આઇ.ડી.સી ની સામે ની વસાહત માં વીતરણ કરવામાં આવ્યુ હતું. આશરે રોટરી પરીવાર નાં ૪૦ સભ્યો હાજર રહયા હતા રોટરી પરીવારના યંગ બાળકો વીતરણ માં મદદ્ રૂપ થયા જયા વ્યવસ્થા ખુબ સીસ્ટમેટીક હતી. આમ આપણો અન્ન્પુર્ણા પ્રોજેકટ નંબર ૨ પણ ખુબ જ સકસેસફુલ રહયો હતો.









## Speaker Meeting - Mrs Neetaben Desai - ગર્ભાવસ્થા માં યોગ




ત્યારબાદ એ મીટીંગ ના સ્પીકર તરીકે ખુબજ જાણીતા એવા યોગ ગુરૂ નીતાબેન દેસાઇ ને પ્રેસિડેંટ રો. રશ્મિન મેહતા એ આવકાર્યા અને રો .અપુર્વ શેઠ એ નીતાબેનનો પરિચય આપ્યો હતો. નીતાબેને તેમની સ્પીચની શરૂઆત ૩ વખત ઓમકાર કરાવીને કરી હતી. તેમનો મુખ્ય વિષય આ મીટીંગ માં ગર્ભાવસ્થા અને તે દરમિયાન યોગ નુ મહત્વ હતો. તેમણે યોગ ના ગર્ભ ધારણ પહેલા તથા ગર્ભાવસ્થા દરમિયાન થતા ફાયદા સમજાવ્યા હતા. તેમણે પહેલુ ઉદાહરણ ભગવાન રામ અને રાવણ વચ્ચે નુ આપ્યુ હતુ. તેમણે તે બંન્ને વચ્ચે ના તફાવત ને માટે તેમના બંન્ને ની માતા ઓ ની તે વખત ની મનોસ્થીતી ને જવાબદાર ઠેરવ્યા હતા. તેમણે યોગ નુ રોજીંદા જીવન મા મહત્વ શુ છે તે સમજાવ્યુ હતુ તેમણે યોગ થી થતા ફાયદા ની જાણ કરી હતી. તેમણે મન અને શરીર બંન્ને માં યોગ કરવા થી થતો સારી અસર વીશે વાત કરી હતી. તેમણે 'યોગ અને યજ્ઞ' અને તેની તાકાત વીશે વાત કરી હતી. તેમણે કહ્યુ હતુ કે સ્ત્રી નીર્માણ કરે છે તો ગર્ભાવસ્થા પહેલા અને ગર્ભાવસ્થા વખતે તેનો ખોરાક, ખાન-પાન, વીચારો, તેની આજુ બાજુ નુ વાતાવરણ બધુ ખુબ મહત્વ નુ અને સાચવવા નો વીષય છે. તેમણે જુદા જુદા ૯ મહિના સુધી ના ઓગ ના પડાવ વીશે વાત કરી હતી. તેમણે આશરે કોરોના કાળમાં ૨૦૦૦ જેટલા લોકો ને યોગ ની મદદ થી સારવાર કરવામાં મદદ કરી હતી. તેમણે દરેક જુદી જુદી બીમારી જેમકે કેંન્સર, બલ્ડ પ્રેશર, ડાયાબીટીસ, જોઇન્ટ પેઇન વગેરે માટે ના અલગ અલગ યજ્ઞ થાય છે તેની જાણકારી આપી હતી. તેમણે પોતે ૧૦૦ યજ્ઞ પુરા કર્યા છે. તે રાઇફલ શુટીંગ પણ શીખવે છે. તેના વીશે વાત કરી અને તેના ફાયદા જણાવ્યા હતા.

# 15-8-2021 અન્નપુર્ણા પ્રોજેકટ નો અહેવાલ





15-8-21 રવિવાર ના રોજ સૌ 4 વાગ્યે રોટરી હોલ પર એકઠા થઈ ત્રીજા અન્નપુર્ણા પ્રોજેકટ નું આયોજન કરવા માં આવ્યું હતું. જેમા સારી સંખ્યા માં રોટરી પરીવાર ના સભ્યો હાજર રહયા હતા. આ પ્રોજેકટ ના ચેરપર્સન વંદનાબેન ઋષભભાઈ શાહ તથા કો.ચેર તોરલબેન હિરેનભાઈ શાહ હતા. આશરે 160 ફુડ પેકેટસ તૈયાર કરવામાં આવ્યા હતા. જેમા છોલેપૂરી, કેળા, વેફર બિસ્કીટ, પાર્લે જી બિસ્કિટ  અને ખાંડ નુ પેકેટસ મુકવામા આવ્યુ હતુ. અન્નપૂર્ણા પ્રોજેકટ ના દાતા Rtn સિદઘેશ મેહતા અને મેઘના મેહતા હતા. મેઘના બેન ના જન્મદિવસ નિમિતે તેઓ તરફ થી 160 કરતાં પણ વધુ ફૂડ પેકેટ્સ લાભાર્થી સુધી પોહચાડી શક્યા હતા. રો.કલ્પનાબેન મહેતા તરફથી સ્વાદિષ્ઠ અને બાળકો ને ખૂબ ભાવે એવા વેફર બિસકીટ તથા રો. લલીતભાઇ કેલા તરફથી આકર્ષક ખાંડ ના પેકેટ આપવામાં આવ્યા હતા. સૌના પ્રિય પાર્લેજી બિસ્કિટ અને કેળાં વંદનાબેન તથા તોરલબેન તરફ થી આપવામાં આવ્યા હતા. આ ફુડ પેકેટસ નું વિતરણ માનવ મંદિર પાસે ની વસાહત માં કરવામાં આવ્યું હતુ. રોટરી પરિવાર ના 37 સભ્યો એ પ્રોજેકટ માં હાજર રહી પ્રોજેકટ ને સક્સેસફુલ બનાવ્યો હતો.









## Blood Donation Camp




તારીખ- ૮-૮-૨૦૨૧, રવિવાર ના રોજ મેગા બલ્ડ ડોનેશન કેમ્પ યોજવામાં આવ્યો હતો જેમા ૨૧૬ બલ્ડ યુનિટસ એકત્રીત કરવા મા આવ્યા હતા. આ કેમ્પ નુ આયોજન વઢવાણ ઇન્ડસ્ટ્રીઝ એસોસિએશન હોલ માં કરવામાં આવ્યુ હતુ. આ કેમ્પ રોટરી કલબ ઓફ સુરેન્દ્રનગર, રોટરી કલબ ઓફ વઢવાણ અને રોટરી કલબ વઢવાણ મેટ્રો ત્રણે કલબ એ સાથે મળીને કર્યો હતો. રોટ્રેક્ટ સુરેન્દ્રનગર તથા રોટ્રેક્ટ વઢવાણ  પણ આમાં સાથે જોડાયા હતા. આ કેમ્પ શ્રી મહિપતકાકા તથા શ્રી દિનકરરાય નગીનદાસ શાહ ના સ્મરણાંથે ન્યુએજ ગ્રુપ ઓફ કંપની દ્વારા સ્પોનસર કરવામાં આવ્યો હતો. કેમ્પ દરમિયાન રોટરી પરિવાર તથા ફેમેલી અને ફ્રેન્ડ્સ નુ ખુબ જ સરસ પાર્ટીસીપેશન રહ્યુ હતુ. આ કેમ્પ ને એક્સીક્યુટ કરવા ની જવાબદારી તથા બલ્ડ ડોનેશન કેમ્પ ના પ્રોજેક્ટ ચેર રો. કમલેશ રાવલ હતા. લાઇફલાઇન બલ્ડ બેન્ક તથા સી.યુ.શાહ મેડીકલ કોલેજ ની ટીમ એ સાથે મળી અને કેમ્પ ની જરૂરી કામગીરી પુર્ણ કરી હતી. વિશેષ જણાવતા આનંદ થાય કે આપણા પ્રેસિડેંટ રો. રશ્મિન મહેતા એ ૮૭ મી વાર બલ્ડ ડોનેટ કર્યુ હતુ. આપણા સુરેન્દ્રનગર રોટરી પરિવાર માં થી રો.  નીલેશ પંચોલી, રો.  સંજય કાગડા , રો. જય મહેતા સ્પાઉસ ડો હીરલ અંકુર શાહ, રો. સીધેશ મહેતા,રો. ડો સીધેશ વોરા, રો.  જયેશ પંચોલી તથા તેમની ડોટર રોટ્રેકટર હીમાની પંચોલી રો. રૂતા સોની તથા તેમના સ્પાઉસ વીપુલ સોની, રો.  એચ.એમ. વાઘેલા તથા તેમના સ્પાઉસ  અર્ચનાબા વાઘેલા એ તેમનુ બલ્ડ ડોનેટ કર્યુ હતુ. રો. કમલેશ રાવલ એ આ કેમ્પ ના સક્સેસ માટે પાંચેય કલબ સાથે મળી અને કેમ્પ નુ આયોજન કર્યુ તેને આપ્યો હતો. તેમણે આપણી કલબ ના ૨ કપલ્સ જેમણે સાથે બલ્ડ ડોનેટ કર્યુ તેમનો આભાર માન્યો હતો.



તથા આપણા રોટરી પરીવાર ના મેમ્બરસ જેમણે બલ્ડ ડોનેટ કર્યુ હતુ તેમને અભિનંદન પાઠવ્યા હતા. ત્યારબાદ સેક્રેટરી રો. સાગર શાહ એ રો. કમલેશ રવલ (પ્રોજેક્ટ ચૈર) રો. સંજય કાગડા (બેનર બનાવડાવવા), માટે રો. હર્ષદ મહેતા(હોસ્પીટીલીટી ઇંચાર્જ) તથા રોટ્રેકટર પારસ તથા -- હાર્દિક (સોસીયલ મીડીયા કવરેજ) માટે અભાર વ્યકત કર્યો હતો. બધા હાજર રહેલા મેમ્બર નુ પારટીસીપેશન ખુબ જ સરાહનીય હતુ. ત્યાર બાદ બપોર ના ભોજન નુ આયોજન પણ ખુબજ સરસ રીતે કરવામાં આવ્યુ હતુ.






# ૧૫ ઓગસ્ટ ફ્લેગ હોઈસ્ટીંગ નો અહેવાલ



સવારે ૯:૦૦ કલાકે આપણા રોટરી પરિવાર ના પ્રેસિડેંટ રો.રશ્મિન મેહતા,સેક્રેટરી રો.સાગર શાહ , સીનીયર મેમંબર રો.ડો વી.જી.સતાણી,રો. ધ્વનીજ પાટડીયા રો.સીઘેશ મહેતા, રો.સીઘેશ વોરા,રો.રૂષભ, રો.અપૂર્વ શેઠ,સ્પાઉસ. કામીની શેઠ,રો.ઉદય રાવલ, સ્પાઉસ માયા રાવલ,રો. જયેશ પંચોલી, રો.સોહમ ગદાણી ,રો. કલ્પના મહેતા,સ્પાઉસ જતીન મહેતા,રો. કમલેશ રાવલ,રો.ભાવના મહેતા,રો.નીરજા શાહ,એનન હાર્દી મહેતા,એનન નમસ્વી મહેતા તથા આર્નવ, આરોહી અને સાક્ષી નક્કી કર્યા મુજબ અંધ વિદ્યાલય હાજર થઇ ગયા હતા. સૌ પ્રથમ ફ્લેગ હોઈસ્ટીંગ કરવામાં આવ્યુ. આપણા પ્રેસિડેંટ રો.રશ્મિન મેહતા તથા સેક્રેટરી રો. સાગર શાહ તથા રોટરી પરિવાર ના મેમ્બંર તથા ત્યાંના સંસ્થાના મેમ્બંર એ સાથે મળી અને રાષ્ટ્રગીત ગાયુ. ત્યાર બાદ ત્યાના રહેવાસી વડિલ શ્રી. ગઢવી દાદા એ ખુબ જ સરસ





શૈલી મા આવકાર ગીત ગાયુ. તે સાંભળી અને બધા જ ખુશ થઇ ગયા હતા. ત્યારબાદ સંસ્થા દ્વારા મંચસ્થ મહેમાનો નુ સ્વાગત કરવામા આવ્યુ. ત્યારબાદ આપણા સીનીયર રો. ડો. વી.જી. સતાણી એ સ્વતંત્ર ભારત વિશે વાત કરી હતી. ત્યારબાદ પ્રેસિડેંટ રો. રશ્મિન મેહતા એ આપણા ૭૫ સ્વતંત્રદિવસ અને આપણે સાથે મળી અને શુ કરવુ જેથી ભારત એક મજબુત દેશ બને ? તે વિષય પર બધા ને સંબોધ્યા હતા.

ત્યારબાદ સંસ્થા ના ઇનર્ચાજ એ બધાને ફરી અને ત્યાનુ કેમ્પસ બતાવ્યુ હતુ ત્યાનુ વાતાવરણ શાંત અને ઠંડક વાળુ હતુ ત્યાની ચોખ્ખાઇ પણ સારી હતી. બધા વડિલ વૃધ્ધો સાથે આપણા રોટરી પરિવારના સભ્યો એ વાત-ચીત કરી તથા બ્રેકફાસ્ટ પણ કર્યો હતો ત્યાંના વૃધ્ધો ખુશ નજર આવતા હતા. તેમના રહેવા માટે ની વ્યવસ્થા, જમવાની વ્યવસ્થા, તેમના મનોરંજન માટે T.V, હીંચકાની વ્યવસ્થા પણ સારી જોવા મળી હતી. ત્યાના મેનેજમેન્ટ માટે નો સ્ટાફ પણ વિનમ્ર જોવા મળ્યો હતો. પ્રેસિડેંટ રો.રશ્મિન મેહતા એ તેમના તરફથી સંસ્થા ને માટે વોટર પ્યુરીફાઇર નુ ડોનેશન જાહેર કર્યુ હતુ. ખુબ જ સરસ રીતે ૨ કલાક નો સવારનો સમય પસાર થઇ ગયો હતો.









# બાળકનો સર્વાંગી વિકાસ - By Rtn. Harshad Ba Jadeja




બાળકના સર્વાંગી વિકાસમાં માતા-પિતાની મુખ્ય ભૂમિકા અને કાળજી ખૂબ જ જરૂરી છે. બાળક જન્મ પછી એની ઉંમર પ્રમાણે એના જુદા જુદા વિકાસ જેવા કે  શારિરીક, માનસિક, સામાજિક, બૌધિક અને સૌથી અગત્યનું સર્વાંગી  વિકાસ થતો હોય છે. આ દરેક વિકાસ ના જુદા જુદા તબકકાઓ હોય છે અને એ દરેક તબકકાએ બાળક યોગ્ય રીતે વિકસે તો એનો સર્વાંગી વિકાસ થાય. જન્મ થી ૩ વર્ષ સુધી ઘરમાં કુટુંબ ના વાતાવરણ વચ્ચે બાળક રહે છે અને વૃદ્ધી અને વિકાસ પામે છે. બાળક્ની  શિશુ અવસ્થા,કિશોર અવસ્થા તરુણ અવસ્થા અને ત્યાર બાદ એ યુવા અવસ્થામાં પહોચે ત્યાં સુધી માતા પિતા, કુટુંબ,શાળા અને સમાજ માં સમજદાર વ્યકિત તરીકે વ્યકિતત્વ ઘડ્તરમા અગત્યનો ભાગ ભજવે છે. આ રીતે જો સર્વાંગી વિકાસ થાય તો બાળક મોટું થઈ સારો નાગરિક અને પોતાની પ્રગતિ કરી શકે તેવું બને  છે. જ્યારે આમાંથી કોઈ વિકાસ નથી થતો અથવા તો અધૂરો રહે ત્યારે સમાજ ની જુદી જુદી સમસ્યા તરીકે સર્જાય છે, જેવા કે ઉમર પ્રમાંણે બદલાતી પરિસ્થિતી માં માનસિક રીતે તૈયાર હોતા નથી, દાખલા સ્વપરૂપે યુવાન સ્ત્રી જ્યારે માતા બને અને બાળ ઊછેર નું અજ્ઞાન,માતૃત્વ માટેની માનસિક તૈયારી, સજાગતા ન હોય ત્યારે સૌથી વધુ હેરાન બાળક થાય છે. સમાજ માં ઉંમર પ્રમાણે વિકાસ ના તબક્કાઓમાં એવા જ બાળકો અગ્રેસર હોય છે જેના માતા-પિતા જાગૃત હોય છે. સામાન્ય રીતે જોવા માં આવ્યું છે કે એક માત્ર બાળક હોવાથી વધારે પડતી આળ-પંપાળ બાળક ને નમાલા બનાવી દે છે. શારિરીક અને માનસિક વિકાસ સારો થાય એ માટે પૌષ્ટિક આહાર ખૂબ જરૂરી છે. સમય ના આભાવ ના કારણે બાળકો ને હેલ્થી ફુડ ને બદલે ઝંક ફુડ ખવડાવે છે. સારી ટેવો પાડવા માટે ની જાગૃતતા નિયમિતતા, સ્વચ્છતા, વગેરે નો અભાવ જોવા મળે છે. બાળક સાથે જે માતા પિતા સમય વિતાવે છે. એ બાળક એના વિકાસમાં અગ્રેસર હોય છે જે મને માતા-પિતા નો સંપર્ક નથી રહેતો એ હિજરાય છે એની અસર એના સામાજિક વિકાસ પર ચોકસ જોવા મળે છે. આજનુ બાળક એકલસુકુ  થતુ જાય છે. એ એના સાંવેગિક વિકાસ એટલે કે ઇમોશનલ ડેવલોપમેન્ટ ની ખામી જણાય છે. પોતે કોઇ ની પાસે પોતાની લાગણીઓ વ્યકત નથી કરી શકતું, સારા મિત્રો નથી બનાવી શકતું અને એટલે જ સમાજમાં આપઘાતનું પ્રમાણ વધતું જાય છે. ઝડપી પરિવર્તન, વર્કીંગ પરેંટ્સ,સમય નો અભાવ આ બધા સંજોગોમાં બાળક કાંતો વધુ પડતા લાડ થી બગડી જાય છે કાંતો એના ઊછેરમાં ખામી રહે છે.

બાળક સાથે રમો, વાર્તા કહો, બહાર ફરવા લઇ જાવ, એના વિસ્મયને સંતોષો એનો શબ્દ ભંડોળ વધે એ માટે પુસ્તકો વાંચવા પ્રેરણા આપો, બાળક સાથે સમય વિતાવો, તેના ભણવા બાબતે પૂછો, તેમની સિદ્ધિ ને બિરદાઓ અને સામાજિક મૂલ્યો થી અવગત કરવો તેવું આપણા શહેર માં વિનોદીની બહેને કાર્ય કરેલુ.

# વિશેષ નોંધ

(૧) રોટરી કલબ ઓફ સુરેન્દ્રનગર માટે અતી આનંદ અને ગર્વ ની વાત એ છે કે આપએ આપણા પહેલા પરમેનન્ટ પ્રોજેકટ ને સ્થાપવા જઇ રહ્યા છીએ.

- "રોટરી હેલ્પ એન્ડ હેલ્થ સેન્ટર" અંતરગત ઇજાગ્રસ્ત અકસ્માત ગ્રસ્ત કે શારીરીક અશકત લોકો ને અનીવાર્ય સંજોગો માં જરૂર પડતી ચીજ વસ્તુ ઓ જેમકે એડજસ્ટ થાય તેવો બેડ,એર બેડ, વોટર બેડ, વીલર ચેર, ટોયલેટ સીટ, બગલ ઘોડી, લાકડી, ઑક્સિજન સીલીડર, ઑક્સિજન કોનસ્ન્ટ્રેટ મશીન, એ સી કોફીન વગેરે ની જરૂરીયાત પૂરતી ની શુલ્ક સહાય કરવામાં આવશે.

- આ પ્રોજેકટ હેઠળ શ્રીમતી ભાવનાબેન રશ્મિનભાઇ મહેતા તરફથી રૂપીયા ૧૦૦૦૦૦ નુ ડોનેશન પ્રાપ્ત થયેલ છે.

- રોટરી હેલ્પ એન્ડ હેલ્થ સેન્ટર નુ સંભવીત ઉદઘાટન સપ્ટેમ્બર મહીના મા વહેલાસર કરવામાં આવશે.

- રો રક્ષાબેન નીતીનભાઇ શાહ તરફથી રૂપિયા ૧૧૦૦૦ નું રોટરી હેલ્પ એન્ડ હેલ્થ સેન્ટર પેટે ડોનેશન પ્રાપ્ત થયેલ છે

- રો. ઉદયભાઇ રાવલ તરફથી રૂપિયા ૧૧૦૦૦ નું રોટરી હેલ્પ એન્ડ હેલ્થ સેન્ટર પેટે ડોનેશન પ્રાપ્ત થયેલ છે. આ ડોનેશન તેઓ એ પોતાના માતુશ્રી મધુબેન મનુભાઇ રાવલ ના સ્મર્ણાથે જાહેર કરેલ છે

(૨) આપણા સીનીયર રોટેરીયન ડો સુમનભાઇ પુજારા ની **DIST.3060** માં ક્લસ્ટર ટુ એરીયા કોર્ડ્નેટર પ્રોજેકટ ની રામય તરીકે વર્ણી થઇ છે.

- આ સાથે તેઓ ને રોટરી સ્વમાન સ્ટોર પ્રોજેકટ ના પણ ક્લસ્ટર ટુ એરીયા કોર્ડ્નેટર તરીકે ની નીમણુક થઇ છે.

- રોટરી કલબ ઓફ સુરેન્દ્રનગર માટે આ વાત ખુબ જ આનંદ, ઉત્સાહ અને વિશેષ ગર્વ ની છે.

(૩) પરમેનન્ટ પ્રોજેકટ હેતુ જીનતા ન ઉધોગ નગર ખાતે આવેલ ગાર્ડ્ન ને રી ડેવલોપ કરવા માટે રોટરી કલબ ઓફ સુરેન્દ્રનગર દ્વારા **"Letter of Intent"** સુરેન્દ્રનગર સંયુકત નગરપાલીકા ને સુપ્રત કરવામાં આવ્યો છે.

(૪) ૧૫ ઓગસ્ટ એ શ્રી મણીલાલ નરસીદસ દોશી માનવ સેવા સંગ વૃદ્ધાશ્રમ અને અંધ વીદ્યાલય ખાતે યોજાયેલ અમૃત મહોત્સવ માં રો.કમલેશભાઈ રાવલ જેઓ સહયોગ લેબોરેટરી માં કાર્યારત છે. તેઓ એ ત્યા રહેતા તમામ વડીલો ને દરેક પ્રકાર ના મેડીકલ ટેસ્ટ આજીવન ની શુલ્ક કરી આપવામાં આવશે. તેવી ખાત્રી સાથે વચન આપેલ છે.

- તથા પ્રેસિડેંટ રો. રશ્મિન મેહ્તા તરફથી વડીલોને પીવા હેતુ શુદ્ધ પાણી મળે તે માટે વોટર પ્યુરીફાયર નખાવી આપવા નું વચન આપેલ છે.

(૫) રો હર્ષદબા જાડેજા તરફથી હુંફ પ્રોજેકટ પેટે રૂપિયા ૫૦૦૦ નુ ડોનેશન મળેલ છે. આ ડોનેશન તેઓની પૌત્રી ઇશાનવી ના પાંચ માં જન્મ દિવસ નીમીતે શુભકાર્ય માટે અર્પણ કરેલ છે.

(૬) રો રૂતાબેન સોની અને વિપુલભાઇ સોની તફથી હુફ પ્રોજેકટ પેટે રૂપિયા ૫૦૦૦ નુ ડોનેશન પ્રાપ્ત થયેલ છે.

(૭) પ્રેસિડેંટ રો. રશ્મિન મહેતા એ ૮ ઓગસ્ટ ૨૦૨૧ ના રોજ યોજાયેલ મેગા બલ્ડ ડોનેશન કેમ્પ માં ૮૭ મી વખત બલ્ડ ડોનેટ કર્યુ હતું.

(૮) આપણા રો. એમ.ટી.નથવાણી અને જયોત્સના બેન નથવાણી ના પુત્ર ડો પાર્થ નથવાણી અને પુત્ર વધુ ઇશાનીબેન નથવાણી ને ત્યા પુત્રી રત્ન નો જન્મ થયો છે.

(૯ ) આપણા રો. રૂતાબેન સોની એ યોગા ટ્રેનર તરીકે નુ શિક્ષણ પૂર્ણ કર્યુ છે. અને હવે તેઓ સર્ટીફાઇડ યોગા ટ્રેનર બનીગયા છે. અને ડીસ્ટ્રીકટ માં ૩ નંબરે એક્ઝામ પાસ કરી છે

(૧૦) આપણા મેમ્બર રો. સંજયભાઇ કાગડા જે ઓ એ હસમુખ ફર્નીચર ની નવી ફેકટરી રાયપુર છતીસગઢ મુકામે સ્થાપી છે.

(૧૧) રો. કલ્પનાબેન મેહતા અને જતીનભાઇ મહેતા ની સુપુત્રી ચી.કવીના ને યુ.એસ.એ હાઇયર સ્ટડી માટે નુ એડમીશન અને યુ.એસ.એ વીઝા મળી ગયેલ છે. દીકરી કવીના ટુક સમય માં જ હાયર સ્ટડીસ માટે પર્સીવ કરવા માટે યુ.એસ.એ જઈ રહી છે.

(૧૨) આપણા રોટેરીયન સોહમભાઇ ગદાણી અને ડો ખ્યાતી બેન ગદાણી ને ત્યા પણ પુત્રી રત્ન "દ્રષ્ટા" નો જન્મ થયો છે.

(૧૩) રો જય મહેતા અને દિપલ મહેતા નુ નવુ બીજનેસ વેન્ચર, નાસ્તા હોલીક ની શરૂઆત ૧૪ ઓગસ્ટ ૨૦૨૧ ના રોજ પ્રારંભ થયેલ છે.




# Cakes and Candles




| | Birthday |
|---|---|
| 1th August | Ann Ria Kalpeshbhai Wandra |
| 4th August | Ann Aarti Ulhas Marathe |
| 7th August | Ann Deepa Ulhas Marathe |
| 7th August | Spo Hemali Jiteshbhai Daftari |
| 11th August | Rtn Dipakbhai Gurjar |
| 19th August | Spo Madhaviben Jayeshbhai Pancholi |
| 21th August | Ann Nisarg Ashokbhai Jobanputra |
| 22th August | Spo Rajeshwary Kamleshbhai Raval |
| 22th August | Spo Dr .Vipula Bipinbhai Shah |
| 23th August | Rtn Prashambhai Kothari |

Birthday

24th August Spo Dr. Amiben Siddeshbhai Vora

Wedding Anniversary

24th August Rtn Dr. Siddeshbhai & Amiben Vora

Birthday

25th August Rtn Dr. Sumanbhai Pujara

Birthday

26th August Ann Khushbu Kamleshbhai Raval

Birthday

26th August Rtn Jamanadas Dhanesha

Birthday

26th August Ann Sachi Jineshbhai Shah

Birthday

28th August Spo Krishnaben Parasbhai Solanki

Birthday

31th August Ann Mahi Parasbhai Solanki

Birthday

31th August Ann Adit Jiteshbhai Daftari

Birthday

7th August Ann Kinjal Dineshbhai Shah

Birthday

16th August Rtn Lalitbhai D. Kela

Birthday

16th August Spo Meghanaben S. Mehta